સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંક: SJED/WOH/e-file/17/2022/0004/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૦૯/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮, ૪૪૬૨/૨૦૧૯, ૭૧૭૧/૨૦૨૦ તથા ૧૩૧૧૧/૨૦૨૦ નામ. ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડર.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) નાણાં વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૨૩૦૬૮/છ-૧

(૮) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૦/૦૫/૨૦૨૨ નો પત્ર જા.નં.અપગ/ કા.નોં./વર્ગ-૧/૧૩૫

<u>હુકમ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના પીટીશનો નામ. હાઈકોર્ટના ઓરલ ઓર્ડર અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના નાણા વિભાગ દ્વારા સંમતિ આપેલ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક:પગર-૧૧૯૪-૪૫-મ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ તેમજ વખતોવખત થયેલા ઠરાવોમાં સામેલ પરિશિષ્ટ મુજબ ૯-૨૦-૩૧ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ

આપવા અને તે સિવાયના અન્ય સંવર્ગોને ૧૨-૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો લાભ આપવાનો રહે છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૭) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને તા.૨૦/૦૪/૨૦૨૨ના રોજ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સમિતિની બેઠક યોજાયેલ હતી, જે અન્વયે નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૮) ઉપરના પત્રથી ૦૪ પીટીશનરોનું વર્ગ-૧ નું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી નોંધ અત્રે મોકલી આપવામાં આવેલ. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૬) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૪ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૩) મુજબ કોલમ (૪)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | મળવાપાત્ર પગાર ધોરણ અને કયા તબક્કાનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જાગૃતિબેન એ. જોષી<br>ટ્રેનિંગ કો ઓર્ડિનેટર | ૫૩૧૦૦-૧૬૭૮૦૦<br>લેવલ-૯ (પ્રથમ) | તા.૦૧/૧૨/૨૦૨૦ |
| ૨ | વિમલબેન બી.થાવાણી<br>સાયકિયાટ્રીક સૌશ્યલ વર્કર | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે.<br>૫૪૦૦/- (દ્વિતીય) | તા.૦૧/૦૮/૨૦૧૩ |
| ૩ | બંડુરાવ ડી.મેશ્રામ<br>સંગીત શિક્ષક | ૫૩૧૦૦-૧૬૭૮૦૦<br>લેવલ-૯ (તૃતીય) | તા.૦૧/૦૭/૨૦૧૭ |
| ૪ | રસીકાબેન ડી. ચૌહાણ<br>મદદનીશ શિક્ષક | ૫૩૧૦૦-૧૬૭૮૦૦<br>લેવલ-૯ (તૃતીય) | તા.૧૪/૦૨/૨૦૧૬ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૬) ઉપરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

વધુમાં, ઉક્ત ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારીઓ જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ

નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણા વિભાગની તા.૦૨/૦૯/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી,સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી,સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- ના.સ.શ્રી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.